ડૉ. સુરેખા પટેલ
એસોસીએટ પ્રોફેસર
સંસ્કૃત વિભાગ ,
જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટસ,
પાલનપુર

# હેમચન્દ્રાચાર્ય વિરચિત '(લઘુ)અર્હન્નીતિ' માં સ્ત્રી-પુરુષ ધર્મ : પ્રવર્તમાન સંદર્ભમાં

સમગ્ર ભારતીય સાહિત્યજગતમાં અત્યંત પૂજનીય એવા કલિકાલસર્વજ્ઞ તરીકે સુપ્રસિદ્ધિ ધરાવનાર આચાર્ય હેમચન્દ્ર ગુજરાતના અગ્રગણ્ય જ્યોતિર્ધર અને યુગકર્તા મહાપુરુષ હતા. અજોડ સાહિત્ય-સૃષ્ટા, અનુપમ યુગદ્રષ્ટા, કુશળ રાજનીતિજ્ઞ અને સર્વતોમુખી પરિણતપ્રજ્ઞા ધરાવતા આચાર્યશ્રીના પૂર્વજીવન અંગેની માહિતી 'પ્રભાવક ચરિત્ર' નામના ગ્રંથમાંથી સત્તાવાર મળે છે.

આચાર્યશ્રીની વૈવિધ્યપૂર્ણ અને વિસ્મયજનક કાવ્યસૃષ્ટિમાં તેમની કુશાગ્ર કલમે કોઈપણ વિષય ખેડાયા વિનાનો રહ્યો નથી. તેમની સર્વગ્રાહી બુદ્ધિશક્તિ વ્યાકરણ, છંદ , અલંકાર, કોશ, પુરાણ, સાહિત્ય, ઈતિહાસ, યોગ, સ્તુતિ, સ્તોત્ર અને પ્રમાણશાસ્ત્ર આદિ વિવિધ વિષયોમાં ફરી વળી છે, જે તેમના વિવિધ સાહિત્ય સર્જન દ્વારા વિદિત થાય જ છે. આચાર્ય હેમચન્દ્રજીએ લગભગ ૨,૦૪,૬૫૬ શ્લોકોનું સર્જન કરીને પાટણ નગરીને ગૂર્જર ભૂમિને જ્ઞાન સંસ્કરણથી સમૃધ્ધ કરી છે. એક જનશ્રુતિ અનુસાર આચાર્યશ્રીએ સાડાત્રણ કરોડ શ્લોકોની રચના કરી છે જે કોઈપણ ગ્રંથકર્તા માટે વિશ્વ વિક્રમ કહી શકાય. સોક્રેટીસ, એરિસ્ટોટલ, પ્લેટો કે કન્ફ્યુસીયસ જેવા મહાન જ્ઞાનીઓની હરોળમાં મૂકી શકાય તેવા આચાર્યશ્રીનું સ્થાન દુનિયાના સાહિત્યકારોમાં અદ્વિતીય છે.

હેમચન્દ્રાચાર્યે વ્યાકરણ વિષયક ગ્રંથો, કોશગ્રંથો, સાહિત્યગ્રંથો , દર્શનગ્રંથો, મહાકાવ્યો, ઈતિહાસકાવ્યો, સ્તોત્રગ્રંથોની રચના કરી છે. તદુપરાંત 'લઘુઅર્હન્નીતિ' જેવા નીતિશાસ્ત્ર વિષયક ગ્રંથની પણ રચના કરી છે. આચાર્યશ્રીએ તે સમયમાં પ્રવર્તિત તમામ વિદ્યાશાખાના આધારભૂત ગ્રંથોની રચના કરી છે. ઉપરોક્ત તમામ ગ્રંથો ઉપર ઘણું કામ થયું છે. પરંતુ,

'લઘુઅર્હન્નીતિ' નામના ગ્રંથ ઉપર ઘણું જ ઓછું કામ થયું છે. પરિણામે, આ ગ્રંથ અલ્પપરિચિત રહેવા પામ્યો છે.

'લઘુઅર્હન્નીતિ' નામ ઉપરથી જ 'બૃહદર્હન્નીતિ' ગ્રંથ હોવાની સંભાવના જણાય છે. વર્તમાન સમયમાં 'બૃહદર્હન્નીતિ' ગ્રંથ ઉપલબ્ધ નથી. પરંતુ, 'લઘુઅર્હન્નીતિ'માં અનેક સ્થળે 'બૃહદર્હન્નીતિ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આચાર્યશ્રીએ 'કુમારપાળના આગ્રહથી પૂર્વે રચાયેલા 'બૃહદર્હન્નીતિ' શાસ્ત્રમાંથી કંઈક સાર લઈને રાજા તથા પ્રજાઓના હિત માટે શીઘ્ર સ્મરણમાં રખાય તેવું અને સહેલાઈથી સમજી શકાય તેવું આ 'લઘુઅર્હન્નીતિ' નામે સત્શાસ્ત્રની રચના કરું છું'[૧] તેવું કહ્યું છે. 'લઘુઅર્હન્નીતિ'નો મૂળ 'બૃહદઅર્હન્નીતિ' ગ્રંથ પ્રાકૃત માગધીમાં રચાયેલો ગ્રંથ હશે. તેના ઘણા શ્લોકો 'લઘુઅર્હન્નીતિ' માં ટાંકવામાં આવ્યા છે.[૨] તે ઉપરથી તેમજ દરેક પ્રકરણના અંતે પુષ્પિકામાં વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ 'બૃહદર્હન્નીતિ' નામનો ગ્રંથ જોઈ લેવો.[3] તેવી ભલામણ કરવામાં આવી છે. આથી કહી શકાય કે આ 'લઘુઅર્હન્નીતિ'ગ્રંથએ 'બૃહદર્હન્નીતિ' ગ્રંથની લઘુ આવૃત્તિ હોવી જોઈએ. કેટલાક વિવેચકો અને ઈતિહાસકારો 'લઘુઅર્હન્નીતિ'ના ગ્રંથને અન્યકર્તુક હોવાનું જણાવે છે. કેટલાક વિદ્વાનોનું કહેવું છે કે જો 'લઘુઅર્હન્નીતિ' હેમચન્દ્રાચાર્યનો ગ્રંથ હોય તો તેમના અન્ય ગ્રંથોની માફક તેની પ્રમાણતા કેમ ટાંકવામાં આવતી નથી ? બીજી એક દલીલ મુજબ આ ગ્રંથની પ્રત ઘણા ભંડારોમાં મળતી નથી, તે દલીલ સામે 'લઘુઅર્હન્નીતિ'ના ભાષાન્તરકર્તા (સેવક ભગુભાઈ ફતેહચંદ કારભારી (લઘુઅર્હન્નીતિઃ પ્રસ્તાવના પૃ-૬)નું કહેવું છે કે આ ગ્રંથની ઘણી જરૂર નહિ પડવાથી તેની ઘણી પ્રતો થયેલી નહિ. છતાં, પાટણના ભંડારમાં ૨૭ નંબરના દાબડામાં ૧૮ મા નંબરની પ્રત જોઈ લેવી. આચાર્યશ્રીએ ગ્રંથારંભે જણાવ્યું છે તેમ કુમારપાળ રાજાની વિનંતીને ધ્યાનમાં રાખી આ ગ્રંથ રચાયો છે. 'જિનાગમે' જેવા શબ્દ પ્રયોગ જૈન આગમ સંબંધી સાક્ષી પૂરે છે, આ ગ્રંથના ચતુર્થ અધિકારનું 'પ્રાયશ્ચિત' પ્રકરણ પણ કર્તાનું જૈન ધર્મ સંબંધી ઉંડું જ્ઞાન દર્શાવે છે.

'લઘુઅર્હન્નીતિ' ગ્રંથ કુમારપાળના સમયમાં સંવત ૧૨૦૦ માં રચાયો છે. ગ્રંથનો પ્રથમ અનુવાદ ૧૯૦૧ માં નિર્ણયસાગર પ્રેસમાંથી પ્રકાશિત થયેલો છે. પૂજયપાદ મુનિરાજની પ્રત ઉપરથી લખાયેલી પૂજ્યપાદમુનિ મહારાજ વિદ્યાસાગર ધર્મોપદેષ્ટા ન્યાયરત્ન શાંતિવિજયજીની પ્રતનો અનુવાદ મણીલાલ નાથુભાઈ ડોસી (જેઓ ગુજરાત કોલેજ ના ફેલો હતા) એ કર્યો. આ

ગ્રંથમાં ત્રણ બાબતોની ખામી જોવા મળે છે. આ ગ્રંથમાં મૂળ શ્લોક આશરે ૯૦૦ કે ૯૧૮ છે. તેમાંથી કેટલાક અઘરા શ્લોકોની ઉપર ટીકા આપવામાં આવી છે. બાકીના શ્લોકોનો માત્ર અનુવાદ આપવામાં આવ્યો છે.

## 'લઘુઅર્હન્નીતિ' :

'णित्र प्रापणे ' ધાતુથી 'स्त्रियां क्तिन्' પ્રત્યય દ્વારા નિષ્પન્ન થયેલો 'નીતિ' શબ્દ કે જેના દ્વારા પ્રજાને સદાચારમાં લાવી શકાય છે, અને કુમાર્ગેથી હટાવી સારા માર્ગ ઉપર લાવી શકાય છે. નીતિશાસ્ત્ર, ધર્મનો પર્યાયવાચી શબ્દ છે. સંસ્કૃત સાહિત્યમાં 'शुक्रनीति', 'विदूरनीति', 'चाणक्यनीति' જેવા અનેક નીતિ વિષયક ગ્રંથો રચાયા છે. જેમાં સામાન્ય હિતબોધ વિષયક ચર્ચા જોવા મળે છે. પરંતુ, 'લઘુઅર્હન્નીતિ'ગ્રંથમાં હિન્દુધર્મ ને માન્ય 'યાજ્ઞવલ્કય' સ્મૃતિની માફક અનેક ગંભીર રાજકીય, વ્યાવહારિક તથા પ્રાયશ્ચિતાદિક પ્રકરણોનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. જો કે 'લઘુઅર્હન્નીતિ' ગ્રંથના નામકરણથી જ ખ્યાલ આવી જાય છે કે અહીં 'યાજ્ઞવલ્કય સ્મૃતિ' જેટલું વિસ્તૃત વિવેચન નથી છતાં ૧. ભૂમિકાભૂપાલ ગુણવર્ણન ૨. યુદ્ધ તથા દંડનીતિ ૩. વ્યવહારનીતિ વર્ણન અને ૪. લૌકિક પ્રાયશ્ચિતવિધિ વર્ણન જેવા વિષયોની ૯૦૦ કે ૯૧૮ જેટલા શ્લોકોમાં ચર્ચા કરી છે. શકયતઃ બધા વિષયો આવરી લેવાયા છે.

લોકો પરસ્પરના વ્યવહારમાં એકબીજા સાથે કેવી રીતે વર્તે કે જેથી પોતાનું હિત સાધી શકે અને સામા મનુષ્યને નુકશાન ન થાય તેવી રીતિને બતાવનારો અર્હદ્ ભગવાનને પ્રરૂપેલો આ લઘુ ગ્રંથ લોકોપયોગી છે. ગ્રંથારંભે મંગલાચરણમાં પ્રથમ (ઋષભદેવ) તથા છેલ્લા તીર્થંકર (મહાવીર સ્વામી) નું તેમજ ગ્રંથના મધ્યમાં બાકીના બાવીસ તીર્થંકરોને વંદન કરીને વિષયવસ્તુનું વિવેચન કર્યું છે. મંગલાચરણના છેલ્લા શ્લોકોમાં વિનમ્રભાવે કવિ કહે છે - 'સદ્ગુરૂ, શાસ્ત્ર અને સરસ્સવતીને હું વારંવાર નમું છું, કારણકે તેમની કૃપાથી જ મારામાં જ્ઞાન ઉદય પામ્યું છે અને વિસ્તાર પામ્યું છે. '[4]

## 'લઘુઅર્હન્નીતિ'માં સ્ત્રીધર્મ :

સંસ્કૃત સાહિત્યમાં 'સ્ત્રી' કે 'નારી' શબ્દ વધુ પ્રચલિત છે સ્ત્રીના અન્ય પર્યાયવાચીમાં મૈના, ગ્ના, યોષા, વામા, અબળા, સુંદરી, પ્રમદા, લલના, માનિની વગેરે મુખ્ય છે. નરના ધર્મવાળી કે નર સાથે સંબંધ હોવાને લીધે સ્ત્રીનું 'નારી' એવું નામકરણ થયું. પુરૂષ દ્વારા સન્માન આપવાને લીધે નારીને 'મૈના' કહેવામાં આવી.[૫] નારીથી પુરૂષ સંસર્ગ કરે છે તેથી 'ગ્ના' કહેવાય છે.[૬] તે સ્વયંને પુરૂષ સાથે જોડે છે તેથી સ્ત્રીને 'યોષા' કહી છે.[૭] તે સૌંદર્ય વેરે છે તેથી 'વામા' પણ કહેવાય છે. જે સ્ત્રીમાં શારીરિક બળની અપેક્ષાએ માનસિક બળ વધુ હોય તે 'અબલા' કહેવાય છે. જેને દેખતાં જ પુરૂષનું હૃદય દ્રવી ઉઠે તેને 'સુંદરી' ની ઉપમા અપાઈ છે. કોમળ ભાવોથી પુરૂષને ઉત્તેજિત કરી દેવાની વિશેષતા ધરાવનારી સ્ત્રી 'પ્રમદા' કહેવાય છે.[૮] આજ રીતે જે સ્ત્રીમાં લાલસા કામના , ઈચ્છાનું આધિક્ય હોય તેને 'લલના' કહેવાય છે. આજ રીતે ઘડીક - ઘડીકમાં રિસાઈ જનારી સ્ત્રીને 'માનિની' તથા કામના જાગૃત કરનારી સ્ત્રી 'કામિની' કહેવાય છે. તેજ રીતે ગૃહસ્થી ચલાવનારી સ્ત્રીને 'ગૃહિણી', મન પ્રસન્ન કરનારી સ્ત્રીને 'રમણી' અને શ્રૃંગાર ધારણ કરીને પ્રસન્ન કરનારી સ્ત્રીને 'ભામિની કહેવાય છે. માતા, પત્ની અને પુત્રીના રૂપમાં સ્ત્રીને 'સમ્માનીયા' 'પૂજ્યા' અને 'આદરણીય' હોવાને લીધે તે 'મહિલા' કહેવાય છે.

'લઘુઅર્હન્નીતિ' ગ્રંથના 'વ્યવહારનીતિ' નામના ત્રીજા અધિકારના 'સ્ત્રી-પુરૂષ ધર્મ' નામના અઢારમા પ્રકરણમાં હેમચન્દ્રાચાર્યજી એ ત્રેવીસમા તીર્થંકર નેમિનાથ ભગવાનની સ્તુતિ કરીને દરેક પ્રકરણની જેમ આરંભે મંગલ કર્યું છે, સઘળાં અશુભને નિર્મૂળ કરવામાં ચક્રરૂપ નેમિભગવાનને હર્ષપૂર્વક વંદન કરીને 'સ્ત્રી-પુરૂષધર્મ' વ્યવહાર સંક્ષેપમાં વર્ણવ્યો છે.

આચાર્યશ્રી હેમચન્દ્રનું આરંભે 'સ્ત્રીધર્મ' વિશે પોતાનું મંતવ્ય છે કે - 'માતા-પિતા પોતાની બુદ્ધિથી આ સારો છે એમ પરીક્ષા કરીને તે પુરૂષને કન્યા આપે, પછી તે ગુણહીન નીવડે તો પણ તે કન્યાએ તેની દેવની પેઠે પૂજા કરવી, (લઘુઅર્હન્નીતિ ૩/૧૮/૨) ' બાળપણમાં સ્ત્રીનો રક્ષક પિતા, યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં સત્પુત્ર રક્ષક હોય છે. સ્ત્રીને કયારેય પણ સ્વતંત્રપણું નહિ (લ.અ.:૩/૧૦/૪) ઋતુધર્મ સમયે ચાર દિવસ સુધી સ્ત્રીએ કોઈનું પણ મુખ જોવું નહિં. (લ.અ.:૩/૧૮/૫) ચોથે દિવસે સ્નાન કરીને અવશ્ય પોતાના પતિનું જ મુખ જોવું (લ.અ. ૩/૧૮/૬) ઋતુસ્નાન કરીને સારો રૂપાળો કે કદરૂપો જેવા પુરુષનું મુખ જુવે, તેવા આકારનો તેને પુત્ર ઉત્પન્ન થાય. (લ.અ.:૩/૧૮/૭) ઋતુ ને અનુસરીને ખેતરમાં જેવું બીજ વવાય છે તે બીજમાં રહેલા ગુણધર્મ વાળું તેવુંજ ફળ ઉત્પન્ન થાય છે. (લ.અ.:૩/૧૮/૮) જે જે જાતિના તથા જેવું જેવું કામ કરનારા પુરુષને સ્નાન સમયે તે સ્ત્રી જુએ છે તેવા જ પુત્ર ઉત્પન્ન

થાય છે. (લ.અ.:૩/૧૮/૯) અટકાવવાવાળી સ્ત્રીએ વસ્તુમાત્રને સ્પર્શ કરવો નહિ, કાંસાના વાસણમાં જમવું નહિ, દેવ મંદિરમાં જવું નહિ, ખાટલા (પલંગ) ઉપર સૂવું નહિ તેમજ પુષ્ટીકારક ખોરાક ખાવો નહિ, કુળવાન સ્ત્રીએ ઋતુના દિવસોમાં દર્પણમાં મુખ જોવું નહિ (લ.અ. :૩/૧૮/૧૦-૧૧) તેલ, પુલેલ વગેરેથી શરીરને મર્દન કરવારૂપ શરીર સંસ્કાર પણ ન કરવા. લાકડાના દાતણથી દાંત ઘસવા નહિ, દિવસે સૂવાનો પણ ત્યાગ કરવો. (લ.અ.: ૩/૧૮/૧૨) તે દિવસે તેણીએ ક્ષીરાન્ન (દૂધના અન્ન) નું ભોજન કરવું. ચિત્તને વિક્ષેપ કરવું નહિ તથા મંગળવસ્ત્ર પહેરીને તથા આભૂષણોથી તે દિવસે પોતાના શરીરને શોભાવીને આંખમાં કાજળ આંજીને ફુલ તેમજ સુગંધી સઘળા પદાર્થોથી સુવાસિત થઈ સ્વસ્થ ચિત્તે પતિની સાથે શયન કરવું (લ.અ. ૩/૧૮/૧૩-૧૫) સમરાત્રિએ ગર્ભ સંભવ હોય તો પુત્ર જન્મે અને વિષમ રાત્રિએ ગર્ભ સંભવ હોય તો કન્યાનો જન્મ થાય. વીર્યના અધિકપણાથી પુત્રની ઉત્પત્તિ અને રજસના અધિકપણાથી કન્યાની ઉત્પત્તિ થાય છે. (લ.અ.: ૩/૧૮/૧૬).

આચાર્ય હેમચન્દ્રજીનું કહેવું છે - 'વિધિએ પુત્રોની ઉત્પત્તિ માટે સ્ત્રીનું સર્જન કર્યું છે. પતિની સેવા કરવી એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે. પતિ સેવા, પુત્રોત્પત્તિ અને તેમનું રક્ષણ તથા ઘરસંબંધી બધાં કર્મ સ્ત્રીઓને કરવાનાં કહેલાં છે. (લ.અઃ ૩/૧૮/૨૨-૨૩)' સ્વામીના અર્ધાદેહમાં મળેલી એટલે અર્ધાંગના, સ્વામી ભક્તિમાં તત્પર , પતિએ જ પરમેશ્વર એમ માનનારી સ્ત્રીને પતિવ્રતા કહેલી છે. (લ.અ. :૩/૧૮/૨૪)

આચાર્ય હેમચન્દ્રજી સ્ત્રીઓને કેવી સોબતથી દૂર રહેવું તે સંદર્ભે કહે છે. 'ચલાયમાન ચિત્તને લીધે, વ્યભિચારિણી સ્ત્રીઓની સોબતથી તેમજ તેમની દુષ્ટ પ્રેરણાઓને લીધે સ્ત્રી સ્નેહ વગરની થાય છે. માટે નઠારોસંગ સ્ત્રીઓએ ત્યજવો' (લ.અ.: ૩/૧૮/૨૫) કુળવાન સ્ત્રીએ પોતાની કીર્તિ ખાતર ગણિકા, જોગણી, દાસી, વ્યભિધારિણી સ્ત્રી તથા કારીગરની સ્ત્રીઓ સાથે સંસર્ગ કરવો નહિ. અર્થાત્ આવી સ્ત્રીઓની સોબતથી કુળવાન સ્ત્રીના ગુણ તથા વૃત્તિઓ તેમના જેવી થાય છે.' (લ.અ. : ૩/૧૮/૩૦) 'કુળવાન સ્ત્રીએ પોતાની કુળપરંપરાથી ચાલી આવતી કુળરીતિનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું. પોતાના કુળને લાંછન ન લાગે તે માટે આવી કુળવાન સ્ત્રીએ દેવયાત્રા, ઉત્સવો, નાટક , બજારમાં , જાગરણ, કે કલેશની જગ્યાએ કદાપિ એકલા જવું નહિ.' (લ.અ.: ૩/૧૮/૨૭)

સ્ત્રીઓના 'સદાચાર' ઉપર ભાર મૂકતાં આચાર્યશ્રીએ કહ્યું છે – 'શીલનું રક્ષણ કરવામાં તત્પર એવી કુલાંગનાએ સ્નાન, મર્દન, તૈલાભ્યંગ, લેપન ઈત્યાદિ કર્મ પારકે હાથે કરાવવાં નહિ. (લ.અ.: ૩/૧૮/૨૮) બુદ્ધિમાનોએ કુળવાન સ્ત્રીનું હંમેશાં અતિચારથી રક્ષણ કરવું જોઈએ.' (લ.અ. ૩/૧૮/૫)

આચાર્યશ્રીએ 'પુરૂષધર્મ' સંદર્ભે પણ ઘણી બાબતો કહી છે. જેમાં 'પુરુષે સ્ત્રીનું સેવન કામ અર્થે નહિ પણ સદ્દુપુત્રની પ્રાપ્તિ અર્થે કરવું : બંને (પતિ-પત્ની) ની પ્રસન્નતાથી રહેલો ગર્ભ જો પ્રસવ થાય તો તે ભાગ્યવાન નીવડે છે. (લ.અ.: ૩/૧૮/૩૫-૩૬) પુરુષે સ્ત્રી સાથે બેસીને ખાવું નહિ, તેમજ તેને ખાતાં પણ જોવી નહિ. તે બગાસાં ખાતી હોય, સૂતી હોય અગર અશૌચાદિ ક્રિયા કરવામાં ગૂંથાયેલી હોય તેવે સમયે પણ તેણીને જોવી નહિ' (લ.અઃ ૩/૧૮/૩૯)

આચાર્યશ્રી હેમચન્દ્રજી પુરુષોના સદાચાર બાબતે કહે છે. – 'સ્વામીએ નવી પરણેલી સ્ત્રીને પ્રિય વચનોથી સંતોષવી તથા પકવાન્ન, દૂધ, દહીં વગેરે સારા ભોજનોથી તેનું નિરંતર પોષણ કરવું.' (લ.અ.: ૩/૧૮/૩૭) 'સદાચારની શુધ્ધિને અર્થે પુરૂષોએ હંમેશા સ્ત્રીઓનું રક્ષણ કરવું.' (લ.અ.:૩/૧૮/૩૦-ઉ.) 'સ્ત્રીઓ સત્કારને યોગ્ય છે. પુત્રરૂપી રત્નો એ પૂજવા લાયક છે. રૂપ તથા લાવણ્ય વડે સુશોભિત છે. ગૃહસ્થાશ્રમીઓએ લક્ષ્મી તથા સ્ત્રીમાં કશો ભેદ ન જાણવો' (લ.અ.: ૩/૧૮/૩૧) 'જીવોની ઉત્પત્તિને માટે યોનિ શાશ્વતભૂમિ કહેલી છે. બીજની વૃદ્ધિ જેમ ભૂમિના આશ્યથી જ થાય છે. તેમ જીવની વૃદ્ધિ પણ સ્ત્રીના આશ્રયથી જ થાય છે. ખેડૂતોએ એક જ ખેતરમાં નાખેલાં અનેક બીજ કાળે કરીને પોતાના સ્વભાવમુજબ અનેક રૂપે ઉગી નીકળે છે.' (લ.અઃ ૩/૧૮/૩૧) 'જે બીજ વાવ્યું હોય તેજ પ્રકારે ધાન્ય ઉગે છે. તેથી બુદ્ધિમાન પુરૂષે એ પ્રકારનો વિચાર કરી ધર્મશાસ્ત્ર પ્રમાણે વૃદ્ધિની કામના માટે બીજ વાવવું પણ પારકાની સ્ત્રીમાં કદાપિ વીર્યારોપણ કરવું નહિ' (લ.અઃ ૩/૧૮/૨૦-૨૧)

'બે હાથ વડે માથામાં ખંજવાળવું નહિ, અસ્પર્શ કરવા યોગ્ય પુરુષને અડવું નહિ. માથું કોરું રાખવું નહિ' (લ.અઃ ૩/૧૮/૪૨) 'કામ વિહવળ થવા છતાં પણ પુરૂષે ઋતુદર્શન સમયે સ્ત્રી પ્રત્યે જવું નહિ (લ.અઃ ૩/૧૮/૩૭) જે મૂર્ખ પુરુષ રજોદર્શન વખતે સ્ત્રીપ્રત્યે જાય છે તેનું તેજ, બુદ્ધિ, કીર્તિ તથા યશ નાશ પામે છે.' (લ.અઃ ૩/૧૮/૩૮) 'સૂર્ય આથમ્યા પછી પુરૂષે લગારે ખાવું નહિ, નગ્ન સૂવું નહિ, એંઠે મોઢે કયારેય કયાંય જવું નહિ, અશકત , નપુંસક,

ચંડાળ, પતિત, અંત્યજ, ભ્રષ્ટ , નશાખોર, મંદ તથા ગુન્હેગારોની પડોશમાં રહેવું નહિ.' (લ.અઃ ૩/૧૮/૪૦-૪૧) 'સંભોગ પછી, ચિતાના ધુમાડાના સ્પર્શ પછી નઠારું સ્વપ્ન જોયા પછી હજામત કરાવ્યા પછી તથા ઉલ્ટી થયા પછી એ પાંચ સ્થળમાં પુરુષે પવિત્ર જળથી સ્નાન કરવું' (લ.અઃ ૩/૧૮/૪૩).

પુરૂષના દૈનિક આચાર વિશે આચાર્યનું કહેવું છે ગુણયુક્ત, સર્વધર્મમાં કુશળ, સારી બુદ્ધિવાળો પુરૂષ બ્રાહ્મમૂહૂર્તમાં ઉઠીને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી ધ્યાન ધરીને પવિત્ર થયેલો પોતાનું આવશ્યક કર્મ વગેરે કરે. શૌચ-સ્નાનાદિક કરી જિનેશ્વરના ચરણદ્વયની પૂજા કરી , ગુરૂવંદન કરી તેમની પાસેથી ધર્મશાસ્ત્રનું શ્રવણ કરી નિયમ પૂર્વક આચરે. એટલું કર્યા બાદ પોત પોતાના વ્યાપારમાં મનુષ્ય પ્રવર્તે. (લ.અઃ ૩/૧૮/૪૪-૪૬) ધર્મ સંબંધી કાર્યમાં બાધ ન આવે તે રીતે સારી બુદ્ધિવાળા પુરૂષે આળસનો ત્યાગ કરી પોતાના કુળનો સઘળો વ્યવસાય કરવો. (લ.અઃ ૩/૧૮/૪૭) જે કર્મ , ધર્મ વિરૂદ્ધ રાજ્ય વિરૂદ્ધ તથા લોક વિરૂદ્ધ હોય તેવું કૃત્ય બહુ લાભ થતો હોય તો પણ કયારેય ન કરવું. (લ.અઃ ૩/૧૮/૪૮) ગુરૂને હોરાવી નિયમસર ભોજન સમયે અવશિષ્ટ જમવું. જમ્યા પછી બેઘડી સુખમાં વિરામ કરી વ્યાપાર કાર્યમાં જોડાવવું પાછલો અર્ધો પહોર (દહાડો) બાકી રહે ત્યારે જમી લઈ સારી બુદ્ધિ સહિત વિચક્ષણ પુરૂષે આવશ્યક ક્રિયા કરવી (લ.અઃ ૩/૧૮/૪૯-૫૦)

હેમચન્દ્રાચાર્યજીએ 'લઘુઅર્હન્નીતિ'ગ્રંથના 'વ્યવહારનીતિ' નામના ત્રીજા અધિકારના અઢારમાં પ્રકરણમાં 'સ્ત્રી-પુરુષ ધર્મ' વિશે લોકોપયોગી વિચારો રજૂ કર્યા છે. જે ગૃહસ્થજીવન માટે આવશ્યક છે. પરંતુ 'સ્ત્રીધર્મ' સંદર્ભે સ્ત્રીઓ વિશેનાં કેટલાકં વિધાનો કદાચ આધુનિક સમયમાં વિમાસણમાં મૂકી દે તેવાં જણાય છે. જો કે વિ.સં ૧૨૦૦ માં લખાયેલ આ ગ્રંથ ઉપર જે તે સમયની સામાજિક પરિસ્થિતિનો પ્રભાવ હોય ત સ્વાભાવિક છે. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ કે ચાણકયનીતિદર્પણ જેવા નીતિવિષયક ગ્રંથોથી હેમચન્દ્રાચાર્ય પ્રભાવિત જણાય છે. પ્રાચીન સમયમાં સ્ત્રીશિક્ષણ નો અભાવ અને સમાજવ્યવસ્થાને આધુનિક સમય સાથે તુલના ન કરી શકાય. છતાંપણ આચાર્યશ્રી હેમચન્દ્રના 'સ્ત્રીવિષયક' વિચારોની ચર્ચા કરીએ તો સ્ત્રીઓની સ્થિતિ સારી તો જણાય છે પરંતુ કયાંક કયાંક સ્ત્રીવિષયક વિધાનો સમજી શકાય તેવાં નથી કેટલેક સ્થળે સ્ત્રીનો ખૂબ ઉંચો આદર કર્યો છે. કેટલાંક વિધાનો ઉપર નજર કરીએ તો જેમકે – માતાપિતા જે પુરૂષને પોતાની કન્યા આપે તે પુરૂષ પછીથી ગમે તેવો ગુણહીન નીવડે તો પણ તેની દેવની પેઠે પૂજા કરવી. મનુસ્મૃતિમાં પણ આ બાબતને સમર્થન

મળે છે. (મનુસ્મૃતિ :૫/૧૪૮) મનુસ્મૃતિકારે તો સ્ત્રીએ ત્રણેય અવસ્થામાં એકલા રહેવાની ઈચ્છા ન કરવી કારણકે આવી સ્ત્રી બંને (પિતા અને પતિના) વંશને નિન્દિત કરે છે. (મનુસ્મૃતિ :૫/૧૪૯) અહીં, આચાર્ય હેમચન્દ્રના વિચારો જે તે સમયની સામાજિક પરિસ્થિતિ મુજબ યોગ્ય જ છે, પરંતુ કદાચ આધુનિક યુગની નારીને પણ આવા પ્રકારના વિધાનો ઉપયોગી નીવડી શકે. આચાર્ય હેમચન્દ્રાચાર્યનો આશય સ્ત્રીઓની સુરક્ષાનો જ હોઈ શકે. કેમકે, સ્ત્રી શારીરિક શક્તિ બાબતે પુરૂષ કરતાં ઉણી ઉતરે છે. તે સંદર્ભે સ્ત્રીની રક્ષા અર્થે તેના ચારિત્ર્ય ઉપર કોઈ કલંક ન લાગે તેવા શુભ આશયથી આ પ્રકારના વિધાનો કર્યા હોય. કારણકે પ્રવર્તમાન સમયમાં આપણે જોઈએ છીએ કે સ્ત્રી એકલી ગમે તેવા સંજોગોનો (રેપ ઘટનાઓનો) શિકાર બને છે. તેને પુરૂષના રક્ષણની જરૂર છે, તેવું ચોક્કસપણે માની શકાય. સ્ત્રીને આવશ્યક સંજોગોમાં જ સ્વતંત્રતા આપવી એવું મારું પણ મંતવ્ય છે.

પતિવ્રતા સ્ત્રીઓ આ સંસારમાં કીર્તિ પામે છે. સ્વામીભક્તિમાં તત્પર અને પતિને જ પરમેશ્વર માનનારી સ્ત્રીને પતિવ્રતા કહેલી છે. 'मनुस्मृति'માં આ વિચારોને સમર્થન મળે છે. પતિની સેવાથી જ સ્ત્રી સ્વર્ગની અધિકારિણી બને છે. પતિની સેવા દ્વારા જ સ્ત્રી સ્વર્ગમાં પણ પૂજાય છે. વિદ્યા વગેરે ગુણોમાં પતિ હીન હોય તો પણ પતિવ્રતા સ્ત્રીઓને માટે પતિ દેવની પેઠે પૂજ્ય હોય છે.[૧૧] ભાસની 'प्रतिमानाटकम्' કૃતિમાં પણ 'સ્ત્રીઓને પતિ જ સર્વસ્વ હોય છે.'[૧૨] કાલિદાસે 'कुमारसंभवम्' મહાકાવ્યમાં પણ કહ્યું છે - 'સ્ત્રીઓ પતિના માર્ગને અનુસરનારી હોય છે. એવું અચેતન પદાર્થોએ પણ સ્વીકાર્યું છે.'[૧૩] યાજ્ઞવલ્કય સ્મૃતિમાં જણાવ્યા મુજબ પતિની આજ્ઞાનું પાલન કરવું એ સ્ત્રીઓનો પરમધર્મ છે.[૧૪]

ઋતુધર્મ સમયે સ્ત્રીઓએ પુષ્ટિકારક આહાર, દર્પણમાં મુખ જોવાનો, તેલ-પુલેલ વગેરેથી શરીરને મર્દન કરવારૂપ શરીર સંસ્કાર, લાકડાના દાતણથી દાંતઘસવાનો, દિવસે સૂવાનો વગેરે નિષેધ કર્યો છે, તે બાબત વિચારણીય છે. કદાચ જૈનધર્મમાં આ પ્રકારના ચુસ્ત નિયમોનું પાલન કરવામાં આવતું હશે. આનું કારણ શું હશે તે કૂતુહલ છે. પરંતુ, આચાર્યશ્રીએ આ સંદર્ભે વિશેષ પ્રકાશ પાડયો નથી.

'વિધિએ પુત્રોની ઉત્પત્તિ માટે સ્ત્રીનું સર્જન કર્યું છે' આચાર્ય હેમચન્દ્રજીની આ પ્રકારની વિચારસરણીથી પુત્રોત્પત્તિ ઉપર વિશેષ ભાર મૂકયો હોય તેવું જણાય છે. પ્રાચીન સમયમાં પુત્રનું હોવું ધાર્મિક દ્દષ્ટિએ આવશ્યક મનાતું હતું. મનુસ્મૃતિ મુજબ 'જેના કારણે પુત્ર 'પું'

નામના નરકથી પિતાની રક્ષા કરે છે તે કારણથીજ સ્વયં બ્રહ્માએ તેને 'પુત્ર' કહ્યો છે' પુત્રથી પિતા સ્વર્ગ આદિ ઉત્તમ લોકની પ્રાપ્તિ કરે છે. પૌત્રથી તે લોકોમાં અનંતકાળ સુધી નિવાસ કરે છે તથા પ્રપૌત્રથી સૂર્ય લોકને પ્રાપ્ત કરે છે.[૧૫] કાલિદાસની 'અ.શા.', 'વિક્રમોર્વશીયમ્' તેમજ 'રઘુવંશમ્'માં પણ પુત્રપ્રાપ્તિની ઝંખના, લાલસા અને અનુરાગનાં દર્શન થાય છે.[૧૬] યાજ્ઞવલ્કય સ્મૃતિમાં પણ કહ્યું છે- 'પત્ની પુત્રીઓને જન્મ આપનારી હોય તો પતિએ બીજો વિવાહ કરી લેવો'[૧૭] આમ, આચાર્ય હેમચન્દ્રના પુત્ર સંદર્ભે – વિધાનો જોઈએ તો 'પુત્રોરૂપી રત્નો પૂજવા લાયક છે. પુરૂષે, સ્ત્રીનું સેવન કામ અર્થે નહિ પણ સદ્પુત્રની પ્રાપ્તિ માટે કરવું ' અહીં, હેમચન્દ્રાચાર્ય પૌરાણિક સંસ્કૃતિથી પ્રભાવિત જણાય છે. આવી રૂઢપરંપરાએ સમયાન્તરે પુત્ર-પુત્રી વચ્ચેનો કાયમનો ભેદ સર્જયો. ફલતઃ સમય જતાં સામાજિક સ્થિતિ પુત્ર તરફ અનુરાગ અને પુત્રી તરફ દ્વેષમાં પરિણમી. સ્ત્રી-ભૃણ હત્યાનું પ્રમાણ વધ્યું. તેથી જ દીકરીઓના ઘટતા જતા પ્રમાણથી ભયભીત થઈ સરકારે પ્રવર્તમાન સમયમાં 'બેટી બચાવો' અભિયાન શરૂ કરવું પડયું. પ્રાચીનકાળથી ચાલી આવતી 'પુત્ર ઘેલછા'એ પ્રવર્તમાન સ્થિતિને કયાં લઈ જઈને ઉભી કરી દીધી છે ? સ્ત્રી વિનાની સૃષ્ટિની કલ્પના પણ કરી શકાય ?

પતિસેવા , પુત્રોત્પત્તિ કે ઘરસંબંધી કાર્યોની બાબતમાં આચાર્યશ્રી ઉપર આપણા ધર્મશાસ્ત્રોનો પ્રભાવ જણાય છે. આપણા ધર્મશાસ્ત્રોમાં 'Division of Labur' કાર્ય વિભાજન કે શ્રમ-વિભાજનની સુવિધાજનક સમજણ હતી. પ્રાચીન સમયથી ચાલી આવતી કુટુંબ વ્યવસ્થામાં શ્રમ વિભાજન આ રીતે વહેંચાયેલું હતું. પુરુષોએ કૃષિ, વાણિજ્ય વગેરે કાર્યો અને ગૃહવ્યવસ્થા, શિશુપાલન જેવાં ઓછાં શારીરિક શક્તિવાળાં અને હળવાં કાર્યો સ્ત્રીઓને સોંપાયાં હતાં. પ્રવર્તમાન સમયમાં કેટલીક આધુનિક નારીઓ બેવડી ભૂમિકાઓ પણ બાખૂબી રીતે નિભાવે છે.

આચાર્યશ્રી કુળવાન સ્ત્રીઓને કેવી સોબતથી દૂર રહેવું તે વિચારો ખૂબ જ કલ્યાણકારી છે. કુળવાન સ્ત્રીઓએ કુળપરંપરાથી ચાલી આવતી કુળરીતિનું પ્રયત્ન પૂર્વક રક્ષણ કરવું. જે દરેક આર્યનારી માટે ઉપયોગી છે. 'ચાણકયનીતિદર્પણ'માં આ વિચારોને પ્રાધાન્ય અપાયું છે. (सत्स्त्रियौ रक्ष्यते गृहम् : ૫/૯) મનુસ્મૃતિકાર નું મંતવ્ય છે કે 'સ્ત્રી જો (મંડન વગેરેથી) પ્રકાશતી હોય તો આખું કુળ પ્રકાશે પણ તે જો પ્રકાશતી ન હોય તો તેનું આખું કુળ પ્રકાશનું નથી[૧૮]'

આચાર્યશ્રી 'પુરૂષધર્મ' સંદર્ભે કહે છે- 'પુરૂષે સ્ત્રી સાથે બેસીને ખાવું નહિ, તેને ખાતાં જોવી નહિ, આ બાબતે હેમચન્દ્રજીનું શું કહેવું છે ? આવું કથન કેમ કર્યું હશે ? તે બહુ વિચારણીય છે. પતિ-પત્નીએ તો સાથે બેસીનેજ જમવું જોઈએ, આતો ઉત્તમ સદ્ગૃહસ્થના લક્ષણો છે.

પુરૂષોએ સ્ત્રીઓ પ્રત્યે 'સદાચાર' તેમજ તેમના પ્રત્યે 'સન્માનની' ભાવના રાખવી આવા ઉત્તમ વિચારોનું સમર્થન આપણને 'મનુસ્મૃતિ'[૧૯] તેમજ 'યાજ્ઞવલ્કય' [૨૦] સ્મૃતિમાં જોવા મળે છે. આચાર્ય હેમચન્દ્ર ઉપર આવા ગ્રંથોના પ્રભાવ ખૂબ જ વ્યાપક જોવા મળે છે.

આચાર્યશ્રીના સ્ત્રીધર્મ વિષયક વિચારો વિશે કહી શકાય કે તેઓ મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્કય જેવા ધર્મશાસ્ત્રના ગ્રંથોથી પૂરા પ્રભાવિત જણાય છે. કેટલાક સ્ત્રીધર્મ વિષયક વિધાનોથી કહી શકાય કે તેઓ જૈનધર્મના ચુસ્ત આગ્રહી અને પાલનકર્તા હશે. તેમની ઉપર જૈન ધર્મની અસર પૂરેપૂરી જણાય છે. છતાં, પણ જે તે સમય ની સામાજિક સ્થિતિ જવાબદાર હશે. જે તે સમયનો સમાજ એ કોઈપણ કૃતિમાં પ્રતિબિંબિત થયા વિના રહેતો નથી.

****

## પાદનોંધ :

१. लघुअर्हन्नीति : १/६-७

२. लघुअर्हन्नीति : ४/१२५ પછીનાં બે પદ્ય

३. लघुअर्हन्नीति : ચારેય અધિકારને અંતે આવતી પુષ્પિકાઓ

४. लघुअर्हन्नीति : १/ ४-५

५. निरुक्तः ३/२१/२ 'मानयन्ति एनाः पुरुषाः' ।

६. निरुक्तः ३/२१/२ 'ग्ना गच्छन्ति एनाः' ।

७. निरुक्त : ३/५१/१ 'योषा यौतेः मिश्रणार्थस्य सा हि मित्रयति आत्मानं पुरुषेण साकम्' ।

८. वयति सौन्दर्यम् ।

९. प्रमद् सम्मदौ हर्षे च ।

१०. लल ईच्छायाम् ।

११. मनुस्मृतिः ५/१५४-१५५

१२. प्रतिमानाटकम् : १/५ 'भर्तुनाथा हि नार्यः ।'

१३. 'पतिवर्त्मगा इति प्रतिपन्नं हि विचेतनैरपि' - कुमारसंभवम् : ४

१४. याज्ञवल्क्य स्मृति : १/३/७७

१५. मनुस्मृति : ९/१३८

१६. रघुवंशम् : १/६९, १०/२, १/६७, अभिज्ञानशाकुन्तलम् – ६/२५, ७/१७, विक्रमोर्वशीयम् - ५/१५

१७. याज्ञवल्क्य स्मृति : १/३/७३

१८. मनुस्मृति : ३/६२

१९. मनुस्मृति : ३/५६, ६१

२०. याज्ञवल्क्य स्मृति : १/३/८२

****

## संदर्भग्रन्थाः

१. लघुअर्हन्नीति : आचार्य हेमचन्द्रविरचित, प्रकाशकः श्री જૈન જ્ઞાન પ્રસારક મંડળ, જૈનોદય પ્રેસ, અમદાવાદ.

२. निरुक्तः यास्काचार्यविरचित, व्याख्याकारः पण्डित भगवद्त, प्रकाशक : श्रीरामलाल कपूर ट्रस्ट , अमृतसर, संस्करणः प्रथम, २०२१

३. कालिदास ग्रन्थावलीः सम्पादक : सीताराम चतुर्वेदी, प्रकाशकः भारत प्रकाशन मन्दिर, अलीगढ, संस्करणः तृतीय.

४. मनुस्मृतिः (मणिप्रभा टीकासहिता ) हरिदास संस्कृत ग्रन्थमाला - २२६, टीकाकार : पण्डित श्रीहरगोविन्द शास्त्री, प्रकाशकः चौखम्बा संस्कृत सीरिज आफिस- वाराणसी, संस्करण : द्वितीय.

५. याज्ञवल्कयस्मृति : याज्ञवल्कय प्रणीता, हिन्दी व्याख्याकार – डॉ.उमेशचन्द्र पाण्डेय, प्रकाशकः चौखम्बा संस्कृत संस्थान- वाराणसी, संस्करणः सप्तम् .

६. चाणक्यनीतिदर्पणम्ः महर्षिचाणक्यविरचितः (हिन्दी व्याख्योपेतः), व्याख्याकारः डॉ.ब्रह्मानन्द त्रिपाठी, प्रकाशक : चौखम्बा सुरभारती - वाराणसी, संस्करणः द्वितीय -२००२.

******